# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

ધોરણ : ૬
તારીખ : ૧૦/૦૪/૨૦૧૯

વિજ્ઞાન
(દ્વિતીય સત્ર)

કુલ ગુણ : ૮૦
સમય : ૯-૩૦ થી ૧૨-૩૦

પ્રશ્ન -1 નીચેના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. 16

(1) નિવાસસ્થાનની જરૂરિયાત શું છે ?

(A) આશ્રય માટે (B) પાણી અને હવા માટે
(C) ખોરાક માટે (D) આપેલ તમામ

(2) ચામડી દ્વારા ક્યું પ્રાણી શ્વસન કરે છે ?

(A) અળસિયું (B) ચાક (C) માછલી (D) વ્હેલ

(3) ઇ.સ.1790 માં ફ્રેન્ચે માપનની ચોક્કસ રીત બનાવી તેને કઇ પદ્ધતિ કહે છે ?

(A) ક્યુબિક પદ્ધતિ (B) મેટ્રિક પદ્ધતિ (C) ઇલેક્ટ્રોનિક પદ્ધતિ (D) યુનિટ પદ્ધતિ

(4) ઘડિયાળના કાંટાનું ફરવું એ કઇ ગતિ છે ?

(A) વક્ર ગતિ (B) વર્તુળાકારગતિ (C) સુરેખગતિ (D) આવર્ત ગતિ

(5) દરિયાની સપાટીની અંદર રહીને દરિયાની સપાટીની જાસૂસીકરવા સબમરીનમાં કયું સાધન વપરાય છે ?

(A) કેલિડોસ્કોપ (B) દૂરબીન (C) પેરિસ્કોપ (D) ટેલિસ્કોપ

(6) પડછાયો હંમેશાં શાના પર ઝીલાય છે ?

(A) અવકાશ (B) પાણી
(C) પડદા (D) કંઇ કહી શકાય નહિ

(7) એબોનાઇટ કેવો પદાર્થ છે ?

(A) વિદ્યુતસુવાહક (B) વિદ્યુતઅવાહક (C) વિદ્યુતમંદવાહક (D) વિદ્યુતરક્ષક


(8) વિદ્યુતકોષ શામાંથી વીજળી ઉત્પન્ન કરે છે ?

(A) ટર્મિનલમાંથી (B) રાસાયણિક પદાર્થોમાંથી (C) ફીલામેન્ટમાંથી (D) ધાતુની પટ્ટીમાંથી

(9) નીચેનામાંથી કઈ વસ્તુ માંચુંબકનોઉપયોગ થતો નથી ?

(A) બલ્બ (B) LCD TV (C) DVD (D)કમ્પ્યુટરહાર્ડ ડિસ્ક

(10) આપેલ રમકડાંનીગાડીને પોતાની તરફ લાવવા માટે માણસ પોતાના હાથમાં રહેલા ચુંબકદ્વારા શું કરશે ?




(A) ગાડીના S ધ્રુવ પાસે N ધ્રુવ લાવશે.
(B) ગાડીના N ધ્રુવ પાસે S ધ્રુવ લાવશે
(C) ગાડી અને માણસના હાથમાં રહેલા ચુંબકનાસમાન ધ્રુવોપાસપાસે લાવશે.
(D) A અને B બંને



Scanned by CamScanner

(11) 1 કિલો ઘઉં ઉત્પન્ન કરવા માટે ઘઉંના છોડ દ્વારા લગભગ કેટલા લિટર પાણીનું બાષ્પોત્સર્જન થાય છે ?

(A) 5000 લિટર (B) 500 લિટર (C) 50 લિટર (D) 5 લિટર

(12) વનસ્પતિ કઈ ક્રિયા દ્વારા વધારાના પાણીને બાષ્પ સ્વરૂપે દૂર કરે છે ?

(A) ઘનીભવન (B) બાષ્પોત્સર્જન (C) અંતઃસ્ત્રવણ (D) આપેલ તમામ

(13) નીચેનામાંથી કયા કાગળનું પુનઃનિર્માણ થઇ શકે છે ?

(A) જૂનાં છાપાં (B) જૂની નોટબૂકો (C) કાગળની પસ્તી (D) આપેલ તમામ

(14) હવાના બંધારણમાં ઘટકોનાં પ્રમાણને આધારે ચઢતા ક્રમ માટે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) નાઇટ્રોજન > ઑક્સિજન > કાર્બન ડાયોકસાઇડ

(B) ઑક્સિજન < નાઇટ્રોજન < કાર્બન ડાયોકસાઇડ

(C) કાર્બન ડાયોકસાઇડ < ઑક્સિજન < નાઇટ્રોજન

(D) ઑક્સિજન > કાર્બન ડાયોકસાઇડ > નાઇટ્રોજન

(15) હવા જયારે ઠંડી સપાટીના સંપર્કમાં આવે છે ત્યારે કઇ પ્રક્રિયા થાય છે ?

(A) ગલન (B) બાષ્પીભવન (C) ઉત્કલન (D) ઘનીભવન

(16) નીચેના પૈકી શાનો કચરામાં સમાવેશ થાય છે ?

(A) ગમે ત્યાં પડેલી પ્લાસ્ટિકની કોથળીઓ

(B) તૂટેલાં રમકડાં જે જાહેર રસ્તા પર પડેલાં હોય

(C) તૂટેલાં બુટ- ચંપલ જે જાહેર રસ્તા પર પડેલાં હોય

(D) આપેલ તમામ

પ્રશ્ન 2 [અ] નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. 06

1. માપન માટેની આંતરરાષ્ટ્રીય એકમ પ્રણાલીને ટૂંકમાં શું કહે છે ?
2. પિનહોલ કૅમેરા કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે ?
3. વિદ્યુતકોષનો ઉપયોગ શામાં થાય છે ?
4. ગજિયા ચુંબકમાં ચુંબકત્વ સૌથી વધુ ક્યાં જોવા મળે છે ?
5. ધોયેલાં કપડાં સૂકાઇ જવા સાથે કઇ ઘટના સંકળાયેલી છે ?
6. લાલ અળસિયાં માં ખોરાકનો ભૂકો કરવા કયું અંગ હોય છે ?

[બ] નીચેના પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં જવાબ લખો ( ગમે તે પાંચ ) 10

1. જલીય નિવાસસ્થાન એટલે શું ? તેનાં ઉદાહરણ જણાવો.
2. એક કરતાં વધુ પ્રકારની ગતિ ધરાવતાં હોય તેવા બે ઉદાહરણ આપો.
3. વિદ્યુત સુવાહક એટલે શું ? તેના બે ઉદાહરણ આપો.
4. ચુંબકનું ચુંબકત્વ કઇ રીતે નાશ પામે છે ?
5. પાણી કઇ પ્રક્રિયાઓ દ્વારા બાષ્પ સ્વરૂપમાં ફેરવાય છે ?
6. પર્વતારોહકો શા માટે તેમની સાથે ઑક્સિજનના સિલિંડર લઇ જાય છે ?



Scanned by CamScanner

7. જે પદાર્થો તેમનામાંથી અંશતઃ પ્રકાશને પસાર થવા દે છે – તે પદાર્થોને કેવા પદાર્થો કહેવાય? આવા પદાર્થનું એક ઉદાહરણ આપો

પ્રશ્ન 3 [અ] નીચેના પ્રશ્નોના પાંચથી સાત વાક્યમાં જવાબ લખો. (ગમેતે ચાર) 12

1. વસ્તુની લંબાઇ માપવા માટે કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ?
2. વિદ્યુતકોષ વિશે સમજાવો.
3. પાણી અને જમીનમાં રહેતાં સજીવોને ઓક્સિજન કઇ રીતે પ્રાપ્ત થાય છે?
4. માછલીના અનુકૂલનો જણાવો.
5. કાગળનું પુનઃ નિર્માણ એટલે શું? તેના બે ફાયદા જણાવો.

[બ] આકૃતિ દોરી નામ નિર્દેશન કરો. 03

પ્રકાશ સીધી રેખામાં ગતિ કરે છે.

પ્રશ્ન 4 [અ] માગ્યા મુજબ જવાબ આપો.

1. વર્ગીકરણ કરો. 06

[શાકભાજીની છાલ, ધાતુનો ભંગાર, પ્લાસ્ટિકની તૂટેલી ડોલ, છાપાની પસ્તી, વનસ્પતિનાં પાંદડાં, કાચની બોટલ]

| વિઘટન પામે તેવા પદાર્થો | વિઘટન ન પામે તેવા પદાર્થો |
|---|---|
| | |

2. જોડકાં જોડો. 04

| વિભાગ-અ | વિભાગ-બ |
|---|---|
| 1. વેધર કોક | a. ધૂળનારજકણોને અટકાવે છે. |
| 2. ગ્લાઇડર | b. પવન ગતિ માપક યંત્ર |
| 3. ધૂમાડો | c. હવામાં સરકતું એન્જિન વગરનું વિમાન |
| 4. નાકમાં રહેલા સૂક્ષ્મવાળ | d. દૂષિત વાયુઓ અને સૂક્ષ્મધૂળનારજકણો |
| | e. પવન દિશા સૂચક |

[બ] મુદ્દાસર જવાબ લખો. (ગમેતે બે) 08

1. સજીવોની લાક્ષણિકતાઓ જણાવો.
2. જળચક્ર વિશે વર્ણન કરો.
3. પ્લાસ્ટિકના વધુ પડતા ઉપયોગનો ઘટાડો કરવા શું કરવું જોઇએ?

પ્રશ્ન 5 [અ] માગ્યા મુજબ જવાબ આપો.

1. કારણ આપો : સ્વિચનું રિપેરીંગ કરતી વખતે ઇલેક્ટ્રિશિયન રબરના મોજાં પહેરે છે. 03
2. કારણ આપો : અંધારામાં રહેલી વસ્તુઓ આપણે જોઇ શકતાં નથી. 03



Scanned by CamScanner